પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૦૬ | ૨૫ જુન, ૨૦૨૩, રવિવાર; અષાઢ સુદ - ૦૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

મધ્ય ગુજરાતમાં મેઘરાજાની પધરામણી

ગાજવીજ સાથે વરસાદ : સતત બે દિવસ ભારે બફારા બાદ વરસાદ વરસ્યો છે : મધ્ય ગુજરાતમાં જામ્યો વરસાદી માહોલ. વડોદરા, દાહોદ, ભરૂચમાં વરસાદની એન્ટ્રી. ખેડા, આણંદ, પંચમહાલ, છોટાઉદેપુરમાં પણ વરસાદ

વડોદરા, તા.૨૪

આજે વહેલી સવારથી જ રાજયના કેટલાક ભાગોના વાતાવરણમાં પલટો આવ્યો છે. ખાસ કરીને મધ્ય ગુજરાતમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. વડોદરા, પંચમહાલ, આણંદ, ખેડા, ડભોઇ, છોટાઉદેપુરમાં વરસાદ ખાબક્યો છે. પંચમહાલ જિલ્લામાં વરસાદી માહોલ સર્જાયો છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ જોવા મળી છે. ગોધરા,જાંબુઘોડા, કાલોલ, ઘોઘંબા સહિત અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. જાંબુઘોડામાં અઢી ઈંચ વરસાદ નોંધાયો છે. હાલમાં પણ અમુક વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત છે. વરસાદને કારણે રોડ-રસ્તાઓ પર નદી જેવા દ્રશ્યો સર્જાયા છે, તો બીજી તરફ ખેતરો પાણીમાં તરબોળ થયા છે. વડોદરામાં વહેલી સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે મેઘરાજાની એન્ટ્રી થઇ છે. સતત બે દિવસ ભારે બફારા બાદ વરસાદ વરસ્યો છે. વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસ્યો છે. શહેરના મોટાભાગના વિસ્તારમાં વહેલી સવારથી જ વરસાદી માહોલ સર્જાયો છે. વડોદરાના ડભોઈમાં વરસાદનું આગમન થયું છે. ડભોઈ તાલુકાના વાતાવરણમાં પલટો આવ્યો છે. શહેરના ધરમપુરી, વાયદપુર, ભીલાપુર સહિત અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. વરસાદને કારણે રોડ રસ્તાઓ પર પાણી ભરાયા હોવાના દ્રશ્યો સામે આવ્યાં છે. વરસાદ થવાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. આણંદ જિલ્લામાં વહેલી સવારથી ધોધમાર વરસાદ ખાબકી રહ્યો છે. આણંદ, બાકરોલ, ચિખોદરા, ગામડી, વઘાસી સહિતના વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. અહીં ગાજવીજ સાથે વરસાદનું આગમન થયું છે. વરસાદી માહોલથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. છેલ્લા ૨ કલાકમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. છોટાઉદેપુરમાં પણ વરસાદી માહોલ સર્જાયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ બોડેલીમાં વરસાદ વરસ્યો છે. મોડી રાતથી બોડેલી સહિત આસપાસના ગામડાઓમાં વરસાદ વરસી રહ્યો છે. બોડેલીના રાજખેરવા રોડ પર રસ્તાઓ પર પાણી ભરાયાં છે. વરસાદી માહોલથી ખેડૂતોમાં ખુશી જોવા મળી છે. આણંદના ઉમરેઠમાં પણ મેઘરાજાની ધમાકેદાર બેટિંગ જોવા મળી રહી છે. ઉમરેઠમાં વહેલી સવારથી વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો છે. સુરેલી, સુંદરપુરા, ભાલેજ ,પણસોરા, થામણામાં ધોધમાર વરસાદ વરસ્યો છે. વરસાદી માહોલથી

● અનુસંધાન પાન-૭ પર

પુતિનની ખાનગી સેના વેગનર ગ્રુપે બળવો કર્યો

વેગનર સૈનિકોએ દ. રશિયાના મુખ્ય સૈન્ય મથકને કબજે કર્યું : સત્તાવાળાઓએ અર્ધલશ્કરી જૂથના માલિક, યેવજેની પ્રિગોઝિન વિરુદ્ધ વિદ્રોહનો આરોપ મૂકી વોરન્ટ જાહેર કર્યું

મોસ્કો, તા.૨૪

વેગનર સૈનિકોએ રોસ્ટોવ શહેરમાં પ્રવેશ કર્યો અને દક્ષિણ રશિયાના મુખ્ય સૈન્ય મથકને કબજે કર્યું છે. મોસ્કોમાં સત્તાવાળાઓએ અર્ધલશ્કરી જૂથના માલિક, યેવજેની પ્રિગોઝિન વિરુદ્ધ વિદ્રોહનો આરોપ મૂકી વોરન્ટ જાહેર કર્યું હતું.

રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ખાનગી સેના વેગનર ગ્રુપે તેમની સામે બળવો કર્યો છે. વેગનર ગ્રુપ એક સમયે પુતિન સમર્થક હતું અને યુક્રેનમાં રશિયા વતી લડી રહ્યું હતું. મીડિયા અહેવાલો અનુસાર, હવે વેગનર જૂથના નેતા યેવજેની વિક્ટોરોવિચ પ્રિગોઝિને તેના સૈનિકોને રોસ્ટોવ શહેરમાં મોકલ્યા છે. યેવજેનીએ શહેરમાં આર્મી હેડક્વાર્ટર અને એરપોર્ટ સહિતની લશ્કરી જગ્યાઓ પર કબજો કરવાનો દાવો કર્યો છે. રસ્તાઓ પર ટેક ઉતારી દેવામાં આવી છે. રશિયન સેના સાથે તેની અથડામણના સમાચાર પણ સામે આવી રહ્યા છે. તે કહે છે કે તેના ૨૫,૦૦૦ સૈનિકો મરવા માટે તૈયાર છે.

પ્રિગોઝિને ખુલ્લેઆમ કહ્યું છે કે, જે પણ અમારા કેન્દ્રોમાં પ્રવેશ કરશે તેને આ માટે જવાબદાર ગણવામાં આવશે. આ પછી, રોસ્ટોવમાં રશિયન અધિકારીઓએ લોકોને તેમના ઘરોમાં રહેવાની અપીલ કરી છે. તે જ સમયે, રશિયન સેનાએ પણ તેની સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. મોસ્કોને જોડતો હાઈવે બંધ કરી

● અનુસંધાન પાન-૭ પર

ફ્લેટ વેચવાનો છે
સેક્ટર-૨૯માં ચ-૭ સર્કલની પાસે, 2 BHK ગ્રાઉન્ડ ફ્લોર ફ્લેટ તાત્કાલિક વેચવાનો છે. પ્લોટ નં. ૧૯૯, ફ્લેટ નં.૧, સેક્ટર-૨૯, ગાંધીનગર
મો. ૯૭૨૩૦ ૨૫૮૭૯

GARBA CLASSES 2023
BATCHES START From 1st JULY
FIRST TIME IN VAVOL
VENUE:- E-9 SHALVIK HOMES BESIDE SIDDHARTH HOTEL,NEW VAVOL,GANDHINAGAR
FOR MORE INFORMATION:-8511494988

We are hiring
IELTS, PTE, TOFEL and spoken English Trainer, Supervisor, Receptionist.
Job location - Kudasan, Gandhinagar
(Experienced candidate will be preferred)
Interested candidates can share CV at dean.12082011@gmail.com or can what's app at 7359999040 or come with resume between 10-00 am to 6-00 pm.
(for adress call on 9978833568)



M. D. GROUP TUITION
Required Teachers & Receptionist
● Std. 11th-12th Science & Commerce All Subjects. ● Both Med.
● Std. 6 to 10 All Subjects. ● UPSC - GPSC All Subjects Faculty.
● ICSE-CBSE- GSEB - IB-ISC. ● F.Y. B.Com to M.Com. IELTS
WahtsApp Only: 8849161449, 93771 28297
1) 301, Sarthak Fortune Mall, Opp. City Pulse, Urjanagar (2) Sec.2/B, Plot-353/1
3) 120, The Sky Court, Below Divine Hospital, Swagat Flamingo Road, Sargasan.

લેડીઝ વેરનું સમર સેલ
હવે, આસ્થા એન્ટરપ્રાઈઝનું નવું નજરાણું
સેક્ટર-૨/બી માં
આસ્થા મોલ, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨/બી ગાર્ડનની સામે, સેક્ટર-૨/બી, ગાંધીનગર
ઓપનીંગ સેરેમની નિમિત્તે ૨૦% થી ૫૦% ડિસ્કાઉન્ટ
કુડાસણ, સરગાસણ, ધોળાકુવા, રાયસણ, રાંદેસણ, વાવોલ અને નવા સેક્ટરો માટે ખુશ ખબર - મોટી જગ્યા અને મોટો મોલ
● સિલ્ક મેચીંગ દુપટ્ટા રૂ.૧૦૦માં ● સિગારેટ પેન્ટ રૂ. ૨૦૦માં
● ચિકન કુર્તી રૂ. ૨૦૦ થી ૪૫૦ સુધી ● પ્લોઝ રૂ. ૨૫૦માં ૨ નંગ
● જીન્સ જોગર્સ રૂ. ૨૫૦માં ● હેરમ નાની સાઈઝ રૂ. ૨૫૦માં ૨ નંગ
● શોર્ટી-ટીશર્ટની પેગ ગરમીમાં પહેરવા માટે રૂ. ૨૫૦માં ૨ નંગ
● કોટન કુર્તી પેન્ટ રૂ. ૪૦૦માં ● કોનટ કુર્તી રૂ. ૧૦૦૦માં ૪ નંગ
● રૂ. ૭૦૦ની વેસ્ટર્ન અને કુર્તીની ખરીદી પર રૂ. ૧૫૦ વાળી લેંગીસ ફ્રી
●ફોર-વે લેંગીસ રૂ. ૧૦૦૦માં ૭ નંગ ● ફેન્સી પ્રિન્ટેડ રીયોન કુર્તી રૂ. ૧૦૦૦માં ૪ મળશે. ● જીન્સ પેન્ટ વેસ્ટર્ન ટોપ ટી-શર્ટો અને હેરમ XXL, 3XL, 5XL સુધી મળશે.
રૂ. ૩૦૦૦ થી રૂ. ૫૦૦૦ની ખરીદી ઉપર ટ્રાવેલીંગ બેગ ફ્રી
L થી 5XL બધી વેરાઈટીમાં બધી સાઈઝો મળશે
ઓનલાઈન પેમેન્ટ સ્વીકારવામાં આવશે
આસ્થા એન્ટરપ્રાઈઝ
સંપર્ક : 7874226227 / 8
સેક્ટર-૨૩-૨૪ ચોકડી, બજાજ બાઈક શોરૂમની બાજુમાં, કેપીટલ સ્પોર્ટસની લાઈનમાં, સેક્ટર-૨૩, ગાંધીનગર

શિવાલય SHARNAM
3 BHK
Spacious Apartments
Besides Swaminarayan Dham
Off Main Koba G'nagar Rd

એક ઘર
જ્યાં મળે લાગણીનો સ્પર્શ
Ready to Move In
Save upto Rs 5 Lakhs before Rathyatra*
www.shivalaysharnam.com
Besides Swaminarayan Dham, Kudasan, Gandhinagar.
+91 909 909 3366
Shyam Group motera
Exclusively Marketed By : The Property Shop
PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA05157/280319 | www.gujrera.gujarat.gov.in
* Conditions apply